### ખેડા જિલ્લાના માર્ગ-મકાન વિભાગની ઘોર બેદરકારીથી જનતા ત્રાહિમામ પોકારી ઉઠી

# સેવાલીયાનો 'વિકાસપથ' હવે 'દુર્ગતિપથ' બન્યો

**કોન્ટ્રાક્ટર અને** અધિકારીઓની મિલિભગતથી સામાન્ય વરસાદમાં રસ્તાઓ તળાવમાં ફેરવાયા



(પ્રતિનિધિ) સેવાલીયા તા.7

સેવાલીયા શહેરમાં રાજ્ય માર્ગ અને મકાન (આર એન્ડ બી) વિભાગની ગંભીર બેદરકારીનો ઉત્તમ નમૂનો જોવા મળી રહ્યો છે. વરસાદી પાણીના નિકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે સમગ્ર શહેરના મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. સામાન્ય વરસાદમાં પણ રસ્તાઓ તળાવમાં ફેરવાઈ જતાં સ્થાનિક રહેવાસીઓ, વેપારીઓ અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે રસ્તા પરથી પસાર થવા માટે લોકોએ જાણે પાણીમાં ડૂબકી મારવી પડતી હોય તેવી હાલત સર્જાઈ છે.

ચોંકાવનારી બાબત એ છે કે જે માર્ગ પર તાલુકા કોર્ટ, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત અને ગુજરાતની સૌથી મોટી ગણાતી સેવાલીયા ગ્રામ પંચાયતનું કાર્યાલય આવેલું છે, તે જ મુખ્ય માર્ગ બિસ્માર હાલતમાં છે. અર્બન બેંક સામે, માર્કેટયાર્ડ અને રામનગર સોસાયટી જેવા વિસ્તારોમાં દિવસો સુધી પાણી ભરાઈ રહે છે. હજારો નાગરિકો રોજબરોજ સરકારી કામકાજ માટે આ માર્ગનો ઉપયોગ કરે છે, છતાં તંત્ર મૌન ધારણ કરી બેઠું છે.

સેવાલિયામાં એવી ચર્ચા છે કે માર્ગના કામ દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા અત્યંત નિમ્ન ગુણવત્તાનું અને લેભાગુ કામ કરવામાં આવ્યું છે. યોગ્ય દેખરેખના અભાવે સેવાલીયાનો વિકાસ પથ આજે દુર્ગતિના પથમાં ફેરવાઈ ગયો છે. લોકોમાં એવી પણ આશંકા છે કે રસ્તાઓ વારંવાર બિસ્માર થાય તો નવા કામોના બહાને ભ્રષ્ટાચાર ચાલુ રાખી શકાય, તેવા હેતુથી આ સ્થિતિ જાળવી રાખવામાં આવી રહી છે.

આ અંગે સ્થાનિક નાગરિકોએ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક ધોરણે વૈજ્ઞાનિક ઢબે પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં થનારી કોઈ પણ દુર્ઘટના કે રોગચાળા માટે સંપૂર્ણ જવાબદારી માર્ગ-મકાન વિભાગની રહેશે.

આ ઉપરાંત પ્રજાએ માંગ કરી છે કે, આ કામગીરીની તકનીકી તપાસ કરી જવાબદાર કોન્ટ્રાક્ટર-અધિકારી સામે પગલાં ભરો.

### રોગચાળાની દહેશત અને તંત્રની ઉદાસીનતા

રસ્તા પર લાંબા સમય સુધી ભરાઈ રહેતા ગંદા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે, જેનાથી ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા જીવલેણ રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર સમસ્યા અંગે જ્યારે સંબંધિત અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેઓએ કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. અધિકારીઓ પાસે સ્થળ નિરીક્ષણ માટે પણ સમય ન હોવાનું જણાતા લોકરોષ ચરમસીમાએ પહોંચ્યો છે.

### મહિસાગર જિલ્લામાં વાહનો પરથી બ્લેક ફિલ્મ દૂર કરવા પોલીસની ઝુંબેશ





મહિસાગર જિલ્લા પોલીસ વડા સફીન હસનની સૂચનાથી જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા વિવિધ વિસ્તારોમાં વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વાહનોના કાચ પર લગાવેલી પ્રતિબંધિત બ્લેક ફિલ્મ સ્થળ પર જ ઉખાડીને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો પાસેથી સ્થળ પર દંડ વસૂલવામાં આવ્યો અને ભવિષ્યમાં નિયમ પાલન માટે કડક સૂચના અપાઈ હતી. ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને નિયમોનું ચુસ્ત પાલન કરાવવા પોલીસ પ્રશાસન દ્વારા આ વિશેષ ડ્રાઈવ યોજાઈ હતી. **તસવીર : ચિંતન પટેલ**

# લુણાવાડામાં વીજ ડીપીમાં કરંટ ઉતરતા ગાયનું મોત

**ગ્રામજનોમાં** ભારે રોષ, વળતર અને કડક કાર્યવાહીની માંગ



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૭

લુણાવાડાના નવા મુવાડા ગ્રામ પંચાયત અને ઘંટાવ ગામની સીમમાં વીજ કંપનીની ગંભીર લાપરવાહી સામે આવી છે. સીમ વિસ્તારમાં આવેલા એક વીજ ટ્રાન્સફોર્મર (ડીપી) માં અચાનક કરંટ ઉતરવાને કારણે ત્યાંથી પસાર થઈ રહેલી એક ગાયનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનોમાં તંત્ર પ્રત્યે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રણુભાઈ કાનાભાઈ ભરવાડની ગાય જ્યારે આ વીજ ડીપી પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે નીચે ઉતરી રહેલા જોખમી કરંટની ઝપેટમાં આવી ગઈ હતી. વીજળીનો જોરદાર ઝટકો લાગતા ગાયનું તત્કાલ મોત થયું હતું, જેના કારણે પશુપાલકને મોટું આર્થિક અને ભાવનાત્મક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

આ અંગે સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે વીજ કંપનીની આ આડોડાઈ જીવલેણ સાબિત થઈ રહી છે. જો ગાયના બદલે કોઈ ખેડૂત કે બાળક આ કરંટની ઝપેટમાં આવ્યું હોત તો મોટી માનવ ખુવારી સર્જાઈ હોત.

આ ઘટના અંગે લુણાવાડા GEB એન્જિનિયર કે. એન. કામોલે જણાવ્યું હતું કે, "સરપંચ દ્વારા જાણ કરવામાં આવતા જ કર્મચારીઓને સ્થળ પર તપાસ માટે મોકલી દેવામાં આવ્યા છે. ગાયના માલિકને પોલીસ કેસ કરાવી પશુનું પોસ્ટમોર્ટમ કરાવવા સૂચના આપી છે, જેથી નિયમોનુસાર યોગ્ય વળતરની પ્રક્રિયા હાથ ધરી શકાય

# ખેડામાં ગ્રાહકોને છેતરતાં ૯૩ વેપારીને દંડ ફટકારાયો

**એપ્રિલથી જૂન** દરમિયાન ૧૦૨૯ એકમોની ઓચિંતી તપાસ કરાઇ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

ખેડા-નડીયાદ મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા છેલ્લા ત્રણ માસમાં ગ્રાહકોના હિતમાં કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. એપ્રિલ-૨૬ થી જૂન-૨૬ દરમિયાન જિલ્લાના ૧૦૨૯ વેપારી એકમોની ઓચિંતી તપાસ કરવામાં આવી હતી, જેમાં કાયદાના ભંગ બદલ ૯૩ વેપારીઓ સામે કાર્યવાહી કરી રૂ. ૨,૩૧,૯૦૦ ની ગૂન્હો માંડવાળ ફી વસૂલવામાં આવી છે. આ ઉપરાંત, વજન-માપ સાધનોની ચકાસણી અને મુદ્રાંકન ફી પેટે રૂ. ૧૩,૪૪,૧૯૨ ની આવક થઈ છે.

ખેડા જિલ્લા કાનૂની માપ વિજ્ઞાન તંત્રની તપાસ દરમિયાન મુખ્યત્વે વજનમાં ઓછું આપવું, પેકિંગ ઉપર છાપેલી કિંમત (MRP) કરતા વધુ ભાવ લેવા, નિર્દેશો ન દર્શાવવા અને વજન-માપના સાધનોનું નિયમિત મુદ્રાંકન ન કરાવવા જેવા ગંભીર ગુનાઓ શોધી કાઢવામાં આવ્યા હતા. આ કામગીરીમાં જનરલ સ્ટોર્સ, ફ્યુલ પંપ, હાઈવે હોટેલ્સ અને પેકિંગ એકમોનો સમાવેશ થાય છે. જો કોઈ પણ ગ્રાહકને વજન કે કિંમત બાબતે છેતરપિંડી જણાય, તો તેઓ aclm-ndd@gujarat.gov.in પર ઈ-મેઈલ કરી શકે છે અથવા સરદાર પટેલ ભવન, નડીયાદ ખાતેની કચેરીનો સંપર્ક કરવા તોલમાપ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ખેડા પાસે આઈસર અને રીક્ષા અથડાતા બેના મોત

**ખેડા-મહેમદાવાદ** રોડ પર બેના મોત: લોડિંગ રિક્ષા- આઈસર અથડાઈ, પાંચ ઘાયલ



ખેડા-મહેમદાવાદ રોડ પર એક ગંભીર માર્ગ અકસ્માતમાં બે વ્યક્તિઓના ઘટનાસ્થળે મોત નીપજ્યા છે. આ અકસ્માત લોડિંગ રિક્ષા અને સીએનજી ગેસ પહોંચાડતી આઈસર ગાડી વચ્ચે થયો હતો. આ ઘટનામાં અન્ય પાંચ લોકોને ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ અકસ્માતમાં એક મહિલા અને એક પુરુષનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે ઘાયલ થયેલા પાંચ લોકોને તાત્કાલિક ખેડા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે પણ ખેડા સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, લોડિંગ રિક્ષા માં સવાર એક જ પરિવારના ૭ લોકો સામાજિક પ્રસંગમાં હાજરી આપવા માટે નીકળ્યા હતાં ત્યારે મહેમદાવાદથી ખેડા તરફ જઈ રહ્યા હતા, જ્યારે ખેડા તરફથી આવતી આઈસર ગાડી મહેમદાવાદ તરફ જઈ રહી હતી. કોઈ અગમ્ય કારણોસર બંને વાહનો અથડાયા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.ખેડા ટાઉન પોલીસને જાણ થતાં તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફિક વ્યવસ્થા હળવી કરી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં મદદ કરી હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### મહીસાગરના તલાટીઓનો હૂંકાર

# મહેસૂલી વિભાગ સહિતની કામગીરીનો બહિષ્કાર કર્યો

(પ્રતિનિધિ) વીરપુર તા.૭

મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા તલાટી-કમ-મંત્રીઓ દ્વારા આજથી મહેસૂલ વિભાગ તેમજ પંચાયત અને ગ્રામ વિકાસ સિવાયના અન્ય તમામ વિભાગોની કામગીરી સદંતર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળ દ્વારા આપવામાં આવેલા આદેશના પગલે, મહીસાગર જિલ્લા તલાટી મંડળે કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને આ અંગે વિધિવત જાણ કરી દીધી છે.

મહીસાગર જિલ્લાના તલાટીઓ પર પંચાયત સિવાયના અન્ય વિભાગોની કામગીરીનો બોજો સતત વધી રહ્યો છે, જેના કારણે ગ્રામીણ સ્તરે પંચાયત અને ગ્રામ વિકાસની મૂળભૂત કામગીરી પર પ્રતિકૂળ અસર પડી રહી છે. વર્ષ ૨૦૨૨માં થયેલા સમાધાન મુજબ મહેસૂલી તલાટી અને પંચાયત તલાટીના જોબચાર્ટ અલગ કરવા માટે સરકાર દ્વારા સમિતિની રચના કરવામાં આવી હતી, પરંતુ સાડા ત્રણ વર્ષ જેટલો સમય વીતવા છતાં આ બાબતે કોઈ નક્કર નિરાકરણ આવ્યું નથી. વારંવારની રજૂઆતો છતાં જોબચાર્ટ નક્કી ન થતા, આખરે મંડળે તા. ૩જી જુલાઈથી પંચાયત સિવાયની તમામ કામગીરીનો ત્યાગ કરવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણયના અમલીકરણ માટે મહીસાગર જિલ્લાના તમામ તાલુકા મંડળોને સૂચના આપી દેવામાં આવી છે. જ્યાં સુધી સરકાર દ્વારા જોબચાર્ટ અંગે કોઈ નવો નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી આ આદેશનું ચુસ્ત પાલન કરવામાં આવશે.

### કઈ કામગીરીઓ બંધ રહેશે?

- ગામ નમૂના નંબર ૧ થી ૧૮ સુધીની તમામ મહેસૂલી કામગીરી.
- એગ્રીસ્ટેક ક્રોપ સર્વે (ડિજિટલ પાક સર્વે) અને ખેતીવાડીના કામો.
- રેશનકાર્ડ સંબંધિત તમામ કામગીરી અને E-KYC.
- જમીન સંપાદન, જમીન સુધારણા- લેન્ડ ગ્રેબિંગ એક્ટની તપાસ.
- પાણી પત્રક, તુલવારી પત્રક ને આવક-જાવક રજિસ્ટર નિભાવવા.
- પેઢીનામું, આપત્તિ વ્યવસ્થાપન અને સર્વેની કામગીરી.

# કપડવંજ પાલિકામાં સત્તાનું સુકાન સોંપાયું કારોબારી ચેરમેન પદે નરેન્દ્ર પટેલની વરણી

**સામાન્ય સભામાં** ૨૫ સદસ્યોની હાજરી વચ્ચે વિવિધ સમિતિઓની સર્વાનુમતે રચના કરાઇ



(પ્રતિનિધિ) કપડવંજ તા.૭

કપડવંજ શહેરના વિકાસકામોને વેગ આપવા અને વહીવટી પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી કપડવંજ નગરપાલિકા દ્વારા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. નગરપાલિકાના પ્રમુખ સેજલબેન એ. પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી આ મહત્વપૂર્ણ સામાન્ય સભામાં ઉપપ્રમુખ સ્નેહાબેન ઓઝા અને ચીફ ઓફિસર મેહુલભાઈ પરમારની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

કપડવંજ પાલિકાની બેઠક અત્યંત સૂચક રહી હતી, કારણ કે કુલ ૨૮ સદસ્યોમાંથી ૨૫ સદસ્યોએ હાજર રહી પોતાની સંમતિ આપી હતી. તમામ સમિતિઓની રચના અને ચેરમેનોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી, જે પાલિકાના શાસક પક્ષમાં રહેલી આંતરિક એકતા અને શહેરના વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ વરણીમાં અનુભવી અને યુવા ચહેરાઓનું સંતુલન જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય તેમ જણાય છે.

આ બેઠકમાં માત્ર સમિતિઓની રચના જ નહીં, પરંતુ શહેરના વિકાસલક્ષી પ્રશ્નો અને સ્ટાફને લગતી વિવિધ વહીવટી બાબતોને પણ એજન્ડા પર લેવામાં આવી હતી, જેને સદસ્યોએ બહાલી આપી હતી. આ નવી નિમણૂકો સાથે હવે કપડવંજ શહેરમાં વિકાસના કાર્યો વધુ ગતિશીલ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### સમિતિઓના ચેરમેન

- **કારોબારી સમિતિ:** નરેન્દ્રભાઈ પટેલ
- **પાણી પુરવઠા સમિતિ:** ભદ્રેશ સુતરીયા
- **જાહેર બાંધકામ સમિતિ:** સિદ્ધાંત મહેતા
- **દિવાબત્તી સમિતિ:** જયશ્રીબેન શર્મા
- **ગાર્ડન સમિતિ:** સાનિયા ખાતુંન સૈયદ
- **એસ્ટેટ કમિટી:** રફિકભાઈ શેખ
- **સેનેટરી સમિતિ:** દિનેશભાઈ ભીલ
- **ફાયર સેફ્ટી-ટ્રાન્સપોર્ટ:** અર્પિતાબેન મકવાણા
- **માધ્યમિક શાળા સમિતિ:** ઉત્કર્ષભાઈ પટેલ
- **પ્રાથમિક શાળા-રોડ કમિટી:** ભારતીબેન મેઘાણી
- **ડ્રેનેજ કમિટી:** અંજુમન પઠાણ
- **ટેક્સેસન કમિટી:** કોકિલાબેન પ્રજાપતિ
- **ટાઉન પ્લાનિંગ સમિતિ:** ચિન્ટુભાઈ પટેલ
- **માર્કેટ સમિતિ (પ્રતિનિધિ):** સુરેશભાઈ ઠાકોર
- **હેલ્થ સમિતિ (પ્રતિનિધિ):** ઉત્કર્ષ પટેલ

### એલસીબીના દરોડામાં એક ઝડપાયો : ત્રણ ફરાર

# બાલાસિનોરમાં ₹ ૪.૬૧ લાખનો વિદેશી દારૂ ઝબ્બે

**ઘઉંના** ઘવારીયા નીચે છુપાવેલો ૧,૬૧૪ નંગ દારૂનો જથ્થો કબજે

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૭

મહિસાગર લોકલ ક્રાઈમ બ્રાંચે બાલાસિનોર-વીરપુર રોડ પર આવેલા સલીયાવાડી ગામે એક ખેતરમાં બનેલા મકાનમાં દરોડો પાડી પ્રોહિબિશનનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસની રેડ દરમિયાન અંધારાનો લાભ લઈ ત્રણ ઈસમો નાસી છૂટ્યા હતા, જ્યારે એક આરોપીને પોલીસે દબોચી લીધો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મહિસાગર લોકલ ક્રાઈમ બ્રાંચે મળેલી ચોક્કસ બાતમીના આધારે સલીયાવાડી ગામે પ્રવિણભાઈ દલપતભાઈ ઠાકોરના ખેતરમાં રેડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ઘરની ઓસરીમાં સાડીના થેલા અને ઘઉંના ઘવારીયા નીચે છુપાવી રાખેલી વિદેશી દારૂની કાચની તથા પ્લાસ્ટિકની બોટલો, ક્વાટર્સ અને બિયર ટીન મળી કુલ ૧,૬૧૪ નંગ (કિંમત ૪,૬૧,૨૪૮/-) નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ કાર્યવાહીમાં સ્થળ પરથી પકડાયેલા આરોપી દીપસિંહ ભીખાભાઈ ઠાકોરની પૂછપરછમાં ખુલ્યું હતું કે, આ જથ્થો તેનો સગો ભાઈ કિરણ ઉર્ફે ભુરો ઠાકોર તથા મહેશ ઠાકોર લાવ્યા હતા. આ મામલે પોલીસે નાસી છૂટેલા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બાલાસિનોર ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બાલાસિનોરમાં માથાભારે શખસે પ્લોટ પચાવી પાડ્યો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૭

બાલાસિનોરના ખોડીયાર નગરમાં એક શ્રમિકના કિંમતી પ્લોટ પર દબાણ કરી મકાન બનાવી લેવાના મામલામાં જિલ્લા વહીવટી તંત્રએ લાલઆંખ કરી છે. કલેક્ટર અને પોલીસ અધિક્ષકના સીધા હુકમ બાદ, આરોપી વિરુદ્ધ ગુનો નોંધાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

બાલાસિનોરના ખોડીયારનગર વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરી ગુજરાન ચલાવતા મનહરભાઈ મણીલાલ વાઘેલાએ વર્ષ ૨૦૧૫માં સીટી સર્વે નંબર ૩૨૯૬/૯૪/બ વાળો એક ખુલ્લો પ્લોટ ખરીદ્યો હતો. આ કિંમતી પ્લોટની જમીનમાંથી આશરે ૪૫ ચોરસ ફૂટ જેટલી જગ્યા પર પડોશમાં રહેતા રમણભાઈ ભયજીભાઇ વાંસફોડાએ સરદાર આવાસ યોજના હેઠળ મકાન બનાવી ગેરકાયદેસર રીતે કબજો જમાવી લીધો હતો.

પોતાની માલિકીની જમીન પર દબાણ થતા મનહરભાઈએ આ બાબતે જિલ્લા કલેક્ટર કચેરીમાં લેખિત અરજી કરી ન્યાયની ગુહાર લગાવી હતી. આ અરજીના આધારે નાયબ પોલીસ અધિક્ષક અને સીટી સર્વે ઓફિસર દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં જમીન પરનું ગેરકાયદેસર દબાણ સાબિત થયું હતું.

તપાસ અહેવાલના આધારે, કલેક્ટર અને પોલીસ અધિક્ષકે કડક કાર્યવાહીના આદેશ આપતા, બાલાસિનોર ટાઉન પોલીસ મથકે આરોપી રમણભાઈ વાંસફોડા વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ અન્વયે કાયદેસરની ફરિયાદ નોંધવામાં આવી છે.

### વિદ્યાર્થીની બેગમાંથી સિગારેટ-લાઈટર મળતા ૧૦ દિવસના સસ્પેન્શન બાદ શાળા સંચાલકોની શરત

# ખેડાની ઈલાઈટ સ્કૂલના સંચાલકોએ વિદ્યાર્થી પાસે 'મેન્ટલ ફિટનેસ' સર્ટિ. માંગતા હોબાળો

**ફરી પ્રવેશ માટે** આકરી શરત મુકતા વાલીઓ રોષે ભરાયા



(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

ખેડા નજીક આવેલી ઈલાઈટ સ્કૂલમાં શિસ્તભંગના એક કિસ્સા બાદ શાળા સંચાલકો અને વાલી વચ્ચે મોટો ગજગ્રાહ સર્જાયો છે. ધોરણ 6 માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીના દફતરમાંથી તપાસ દરમિયાન સિગારેટ, લાઈટર અને પડીકી મળી આવતા શાળા પ્રશાસને તેને 10 દિવસ માટે સસ્પેન્ડ કર્યો હતો. જોકે, સસ્પેન્શનનો સમયગાળો પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીને ફરી પ્રવેશ આપવા માટે શાળાએ 'મેન્ટલ ફિટનેસ સર્ટિફિકેટ'ની માંગણી કરતા વિવાદ વકર્યો છે.

આ અંગે વિદ્યાર્થીના પિતા કેયુર પટેલે આક્ષેપ કર્યો છે કે, બેગમાંથી મળેલી સામગ્રી તેના પુત્રની નથી પરંતુ તેના મિત્રોએ મુકી હતી. સસ્પેન્શન પૂર્ણ થયા બાદ જ્યારે વિદ્યાર્થી શાળાએ પહોંચ્યો ત્યારે પ્રિન્સિપાલ દ્વારા બાળક માનસિક રીતે સ્વસ્થ છે તેવું પ્રમાણપત્ર માંગવામાં આવ્યું હતું. વાલીના મતે, આ પ્રકારની માંગણી નાની ઉંમરના બાળકને માનસિક ત્રાસ આપવા સમાન છે અને તેના આત્મવિશ્વાસને ઠેસ પહોંચાડી શકે છે.

અલબત્ત, શાળાએ મેન્ટલ સર્ટિફિકેટની વાત નકારી, કાઉન્સિલિંગનો આગ્રહ રાખ્યો બીજી તરફ, શાળાના કોઓર્ડિનેટર લીના સઈઝે આ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે શાળાએ કોઈ મેન્ટલ ફિટનેસ સર્ટિફિકેટ માંગ્યું નથી, પરંતુ માત્ર એટલી જ માંગણી કરી હતી કે વિદ્યાર્થીનું યોગ્ય કાઉન્સિલિંગ કરવામાં આવ્યું છે કે નહીં તેનો પુરાવો રજૂ કરવામાં આવે જેથી તેને ફરી વર્ગખંડમાં પ્રવેશ આપી શકાય. હાલમાં શિક્ષણના ધામમાં સર્જાયેલા વિવાદે ચર્ચા જગાવી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com